# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Midday : 2.30 to 2.35**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતના 6 મંત્રી સામેલ...સી. આર. પાટિલ અને નિમુબહેન બાંભણિયાને પહેલીવાર કેન્દ્રીય મંત્રીમંડળમાં મળ્યું સ્થાન
- આવતીકાલે ગાંધીનગર ખાતે નવા ચૂંટાયેલા ધારસભ્યોનો શપથવિધિ સમારોહ....
- કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી, ૨૦૨૪-૨૫ માટે વિવિધ પાકોના ટેકાના ભાવની ભલામણ મુદ્દે કરાઈ ચર્ચા...
- દક્ષિણ ગુજરાતનાં કેટલાક ભાગોમાં હળવો વરસાદ....આગામી સાત દિવસોમાં રાજ્યના અનેક ભાગોમાં સર્જાશે વરસાદી માહોલ
- નવા શૈક્ષણિક વર્ષ માટે સમરસ છાત્રાલયમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ, 20 જૂન સુધી ઓનલાઇન કરાવી શકાશે નોંધણી

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## GUJARAT MINISTERS-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કેન્દ્રીય મંત્રીમંડળમાં ગુજરાતથી 6 મંત્રીઓને સ્થાન મળ્યું છે. જેમાં અમિત શાહ અને મનસુખ માંડવિયા ત્રીજી વાર,

જે.પી. નડ્ડા અને એસ. જયશંકર બીજી વાર, જ્યારે સી. આર. પાટિલ અને નિમુબહેન બાંભણિયાને પહેલીવાર કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળ્યું છે.

નરેન્દ્ર મોદીની પહેલી સરકારમાં ગુજરાતમાંથી 2 કેબિનેટ મંત્રી અને 5 રાજ્ય મંત્રીઓ સામેલ હતા. તો બીજા કાર્યકાળમાં ગુજરાતમાંથી 4 કેબિનેટ અને 3 રાજ્યમંત્રીઓ સામેલ કરાયા હતા. આ વખતે ગુજરાતમાંથી 6 મંત્રીઓ બનાવવામાં આવ્યા છે, જેમાં 5ને કેબિનેટમંત્રી તરીકે એકને રાજ્યમંત્રી તરીકે સ્થાન અપાયું છે. છેલ્લા બે કાર્યકાળની સરખામણીએ આ વખતે ગુજરાતનું પ્રતિનિધત્વ ઘટ્યું છે.

અમિત શાહ સતત બીજી વાર ગાંધીનગરથી સાંસદ ચૂંટાયા હતા. તેઓ મોદી સરકારના પ્રથમ કાર્યકાળમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂક્યા છે. બીજા કાર્યકાળમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી રહ્યાં હતા.

મનસુખ માંડવિયા પોરબંદરમાં સાંસદ છે. નરેન્દ્ર મોદી સરકારના બીજા કાર્યકાળમાં તેમને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી બનાવાયા હતા. કોવિડ દરમિયાન તેમના નેતૃત્વ નીચે આરોગ્ય મંત્રાલયની કામગીરીની સરાહના થઈ હતી. 2012માં તેઓ પહેલીવાર ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્ય ચૂંટાયા હતા.

એસ. જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે. તેઓ નરેન્દ્ર મોદીના પ્રથમ કાર્યકાળ દરમિયાન વિદેશ સચિવ હતા. 2019માં તેમને કેન્દ્ર સરકારમાં સ્થાન મળ્યુ અને વિદેશ મંત્રી બનાવાવામાં આવ્યા હતા.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી નડ્ડા પણ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે. 63 વર્ષિય નડ્ડા બે વાર પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેઓ નરેન્દ્ર મોદીના પ્રથમ કાર્યકાળમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી હતા.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ રહી ચૂકેલા સી. આર. પાટિલ સતત ચોથીવાર નવસારી બેઠક પરથી સાંસદ ચૂંટાયા છે. આ વખતે પહેલીવાર છે જ્યારે તેમને કેન્દ્રીય મત્રીમંડળમાં સ્થાન મળ્યું છે.

નિમુબેહનની વાત કરીએ તો ભાવનગર લોકસભા બેઠક પરથી લડનારા નિમુબહેને આમ આદામી પાર્ટીના ઉમેશ મકવાણાને હરાવ્યા હતા. નિમુબહેન 2005થી 2020 સુધી સતત ત્રણ વખત ભાવનગર મહાનગરપાલિકામાં સભ્ય રહી ચૂક્યા છે.

## LEGISLATORS SAPATH

ગુજરાત વિધાનસભામાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોનો શપથવિધિ આવતીકાલે ગાંધીનગર ખાતે યોજાશે. વિધાનસભા અધ્યક્ષ નવા ચૂંટાયેલા પાંચ ધારાસભ્યોને શપથ લેવડાવશે. જે ધારાસભ્યો શપથ લેશે તેમાં પોરબંદર વિધાનસભાના અર્જૂન મોઢવાડિયા, વિજાપુરના સી. જે. ચાવડા, ખંભાતના ચિરાગ પટેલ, માણવદરના અરવિંદ લાડાણી અને વાઘોડિયાના ધરમેન્દ્રસિંહ સામેલ છે.

## PM MODI KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો વિધિવત્ રીતે કાર્યભાર સંભાળી લીધો છે. કાર્યભાળ સંભાળતા જ શ્રી મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 17મા હપ્તાને અધિકૃત કરતી પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા. આનાથી લગભગ 20 હજાર કરોડ રૂપિયાનું વિતરણ કરીને નવ કરોડ 30 લાખ ખેડૂતોને લાભ થશે.

શ્રી મોદીએ કહ્યું, નવી સરકારનો તેમનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે, તેમની સરકાર ખેડૂતોના કલ્યાણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

## GUJARAT MSP MEET

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વમાં રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને તેઓ આર્થિક રીતે સમૃદ્ધ બને એ માટે કેન્દ્ર સરકાર દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને એ ભાવોને આધારે પાકોની ખરીદી કરે છે. ટેકાના ભાવ નીતિ અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી

ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે.

રાજ્યના ખેડૂતોને સારા ભાવ મળી રહે તે માટે ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂ. ૪ હજાર ૦૫, ચણા માટે રૂ. ૭ હજાર ૦૫૦, રાયડા માટે રૂ. ૭ હજાર ૨૦૦ અને શેરડી માટે રૂ. ૬૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું.

આ બેઠકમાં, સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

## Weather

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજયમાં આવતીકાલે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારીમાં, છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદથી અને 30 થી 40

કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે. આજે અમરેલી, તાપી, વલસાડ અને દાદરાનગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો.

તાપીના ડોલવણ અને દાદરાનગર હવેલીમાં 9 સેન્ટીમીટર, વલસાડના ધરમપુરમાં 7, અમરેલીના બાબરામાં 8, કપરાડામાં 5, નવસારીના વાંસદામાં, સુરતના ઉમરવાડામાં અને નર્મદાના તીલકવાડામાં 4 સેન્ટીમીટર વરસાદ નોંધાયો હતો.  અરવલ્લીથી અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, શામળાજી, પણસોલ અને રતનપુર બોર્ડર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

આજે અમદાવાદ, ગાંધીનગર અને ડીસામાં મહત્તમ તાપમાન 43 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## SAMARAS CHHATRALAY

નવા શૈક્ષણિક વર્ષ માટે સમરસ છાત્રાલયમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તારીખ ૨૦મી જૂન સુધી આ (www.samras.gujarat.gov.in) વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરી શકાશે. સમરસ છાત્રાલયમાં મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

2026માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલી આ યોજના અંતર્ગત સમરસ છાત્રાલયોમાં રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને જનરલ કેટેગરીમાં આર્થિક રીતે પછાત (EWS) વર્ગના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાલ સમરસ છાત્રાલયમાં કુલ ૯૮૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે.

સમરસ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં રાજ્ય સરકાર દ્વારા રૂ. 3 કરોડ ૯૮ લાખ રૂપિયાની ગ્રાન્ટ ઉપયોગમાં

લેવાઈ હતી. વર્ષ-૨૦૧૬થી શરૂ કરીને વર્ષ- ૨૦૨૪ સુધીમાં કુલ ૮,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યો છે.

## Mahesana Vavetar Satellite

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં ચોમાસામાં વાવેતરની ગણતરી સેટેલાઇટથી થશે. જેમાં સર્વેયર, વેરીફાયર અને સુપરવાઈઝર એમ ત્રણ તબક્કાની ટૂકડી કામ કરશે. બીજી બાજુ ગ્રામ સેવકો દ્વારા મેન્યુઅલી પણ વાવેતરની ગણતરી ચાલુ રાખવામાં આવશે. ત્યારબાદ સેટેલાઇટ વાવેતર ગણતરી અને મેન્યુઅલી ગણતરી ડેટાની સરખામણી કરી સેટેલાઇટ ગણતરીની ખરાઈ નક્કી કરવામાં આવશે.

## FATAFAT NEWS-1

- છોટા ઉદેપુર જીલ્લાનાં કવાંટ તાલુકાનાં સિહાદા ગામમાં કોઝ વે પર એક વૃદ્ધનું તણાઈ જવાથી મૃત્યુ નિપજ્યું હતું
- કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણીને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ 23 જૂન સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.
- ભરુચ ખાતે ભાજપ જિલ્લા કાર્યાલયમાં આજે સવારે શોર્ટ સર્કિટથી આગ લાગી હતી, આગમાં કાર્યાલયનો સામાન બળીને નષ્ટ થઈ ગયો હતો.
- પાટણમાં શિખ સમુદાય દ્વારા શ્રી અરજન દેવજી મહારાજના શહિદ દિન નિમિત્તે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું
- ગોધરા ખાતે સ્વામી લીલાશાહ આશ્રમમાં સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ તેમ જ નિ:શુલ્ક થેલેસેમિયા ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.
- છોટાઉદેપુર જિલ્લામાં રીંછનો હુમલાનાં બે બનાવમાં બે વ્યક્તિને ઇજા

- વાંસદા તાલુકાના નાનીભમતી ગામે વિનામૂલ્યે લોહી તથા આંખની તપાસ કરવામાં આવી હતી. આંખની તપાસ કરીને જરૂરિયાતમંદ દર્દીઓને ચશ્મા આપવામાં આવ્યા હતા
- નવસારી જિલ્લાના ચીખલી ખાતે શિક્ષકો અને બાળકો માટે"આપણી શાળા સલામત શાળા" અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો
- સુરતમાં આવતીકાલે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આંબા પાક પરિસંવાદ, કેરી પ્રદર્શન તેમજ હરિફાઇનું આયોજન કરાયું છે.
- વડોદરા જિલ્લામાં ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડના નવીનીકરણની કામગીરી શરૂ કરાઇ હોઇ, ભીમપુરા ત્રણ રસ્તાથી સિંધરોટ ચાર રસ્તા સુધીનો રોડ તા. ૨૯સપ્ટેમ્બર ,2024 સુધી વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.
- વડોદરા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા શહેર-જિલ્લાની અદાલતોમાં તા. ૨૨ જૂને મેગા નેશનલ લોક અદાલત યોજાશે.